વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૯ : અંક - ૩ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ફેબ્રુઆરી ૬, ૨૦૨૧

# મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ

નમસ્કાર!

આપણા સૌ વતી મહાત્મા ગાંધીજીને આપણે અંજલિ અર્પીએ છીએ.

જ્યારે દેશ સ્વરાજ માટે લડી રહ્યો હતો તે સમય અને વાતાવરણમાં અમારો ઉછેર થયો, એટલે સ્વાભાવિક રીતે જ અમે ગાંધીજીના વિચારો અને મૂલ્યોને શ્વસતાં રહ્યાં અને એમનાં શબ્દો અમારા કાનમાં સતત પડઘાતા હતાં.

અમારા ઉછેર દરમિયાન શાળા અને કૉલેજનાં વર્ગખંડોમાં ગાંધીજીની વિચારસરણીનાં પાયારૂપ મુખ્ય ચાર સિદ્ધાંતો સાદગી, અહિંસા, શ્રમના ગૌરવનું શિક્ષણ મળ્યું અને માનવતા અમને શીખવા મળ્યા. આ ચાર પાયાનાં સિદ્ધાંતો ઉપર સ્વરાજ મેળવવાનું શિક્ષણ મળ્યું; જેમાંથી સાદગીના સિદ્ધાંતે મને સૌથી વધુ આકર્ષિત કરેલી. આજે પણ મને સાદગીના સિદ્ધાંતમાં રહેલ સામાજિક મૂલ્યોમાં ઊંડો વિશ્વાસ છે.

આપણે બધાએ હવે સમજવાની જરૂર છે કે જીવનને વધુ પડતું જટિલ અથવા ગૂંચવણ ભર્યું બનાવવું એ વિકાસની નિશાની નથી જ.

આજે ગાંધીજીને શ્રદ્ધાંજલિ રૂપે મારે તેમનાં પાયાનાં ચાર સિદ્ધાંતોમાંથી સાદગી ઉપર ભાર મૂકવો છે. ગાંધીજીના જાણીતા સુવિચારોમાંથી વ્યવહારિક અને આધ્યાત્મિક રીતે મને સ્પર્શતા શબ્દો એટલે...

'આપણે સાદગીથી જીવવું જોઈએ કે જેથી બીજાઓ જીવતા રહી શકે.'

ગાંધીજીના ગયાને દસકાઓ વીતી ચૂક્યાં છે, પણ જો આજે જોઈએ તો આપણે પોતે જ જિંદગીને બધી રીતે ખૂબ જ જટિલ બનાવી દીધી છે. સાદગીને તો જાણે જીવનના મૂલ્યોમાંથી હાંકી જ કાઢી છે, કારણ કે એની ગણતરી હવે મૂલ્ય તરીકે નહીં પણ 'પછાતપણા' તરીકે થાય છે.

સમય બદલાઈ રહ્યો છે. ગયા વર્ષની પરિસ્થિતિએ આપણને નાછૂટકે સહેજ થંભી જઈને આપણી જિંદગી અને જીવવાની પદ્ધતિમાં સાદગીને અપનાવવાની અને સાથોસાથ આપણા ખોરાક, કપડાં અને જીવનની શૈલીને વધુ સ્થાનિક બનાવવાની ફરજ પાડી છે.

બજાર જ આપણામાં પસંદગીઓ ઊભી કરે છે અને તેને સંતોષે પણ છે. ઉપભોક્તા તરીકે આપણી પસંદગીઓ વિશે એ વિચારવું જ રહ્યું કે આપણા થકી ખરેખર કોને ફાયદો થઈ રહ્યો છે અને કોને નુકશાન? સાદગીને અપનાવવાથી આપમેળે જ વ્યય એટલે કે વેસ્ટ થતો અટકશે કે જે આધુનિક જિંદગીની દોડમાં આપણે ઊભો

કરેલો એક મોટો રાક્ષસ છે. ખરેખર તો સાદગી અને સ્થાનિકપણું જીવનમાં વધુ વૈવિધ્ય લાવે છે.

હાલની મહામારીની પરિસ્થિતિ અને આખી દુનિયામાં માણસોની જિંદગી પર આવેલા નિયંત્રણોએ આપણને ઉત્પાદક અને ઉપભોક્તા, ઉત્પાદક અને કાચો માલ, શાસક અને શાસિત વચ્ચેનું અંતર ઘટાડીને સાદગી સાથે જીવતા તો શીખવાડ્યું જ છે. હવે જોવાનું એ છે કે આપણી આ શીખને ગાંધીજીનાં સુવિચારનાં બીજા ભાગ 'બીજાઓ જીવતા રહી શકે'ને કેવી રીતે સાર્થક કરી શકાય.

આપણા પોતાનાં જીવનમાં સાદગીની પસંદગીથી લાખો લોકોની જિંદગી અને આજીવિકાને આપણે બચાવી શકીશું અને તેમને ગરીબી અને ભૂખમરાથી ઊગારી શકીશું.

ચાલો આજથી સાદગીને સર્વગ્રાહી રીતે સમજીએ. સાદગીને ફક્ત શબ્દોમાં જ નહીં, પણ રોજિંદા જીવન વ્યવહારમાં લાવીએ. દરેક નાનો વ્યક્તિગત પ્રયાસ મોટા બદલાવ સુધી લઈ જશે કારણકે આપણે બધા એટલે કે હું, તમે, સમાજ અને પર્યાવરણ અનુબંધથી જોડાયેલા છીએ.

(૩૦/૧/૨૦૨૧, મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ - ઈલાબહેને ગાંધીયન સોસાયટી, ન્યુ જર્સી યુ.એસ.એ.માં આપેલ સંદેશ.)

❑

# વર્ષ ૨૦૨૧-૨૨નું અંદાજપત્ર (બજેટ)

દરેક વર્ષની જેમ આ વખતે પણ દેશના નાણાંમંત્રી શ્રી નિર્મલાબેન સીતારામને લોકસભામાં વર્ષ 21-22નું અંદાજપત્ર રજુ કર્યું.

આ અંદાજપત્રને "આત્મનિર્ભર ભારત" બજેટ તરીકે ગણાવ્યું. જેમાં 34.83 લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરી.

(૧) સૌથી વધારે મહત્ત્વ સ્વાસ્થ્ય ક્ષેત્રને આપ્યું જેના માટે રૂા. 2.23 લાખ કરોડની ફાળવણી કરી, જેમાં સ્વાસ્થ્યને લગતા અનેક પહેલુઓ આવરી લીધા. જેમકે, યુનિવર્સલ હેલ્થ, સ્વચ્છ ભારત, સ્વચ્છ પાણી, સ્વચ્છ હવા, બાળકો માટે પૂરતું પોષણ વિગેરે. અંદાજપત્રમાં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે ગત વર્ષથી અઢીગણો વધારો કરવામાં આવ્યો છે.

(૨) બીજું મહત્ત્વ ઉદ્યોગક્ષેત્ર તથા માળખાકીય સુવિધાઓને આપવામાં આવ્યું છે. જેમાં ટેક્ષટાઈલ (કાપડ) ક્ષેત્રને મહત્ત્વ આપવામાં આવ્યું છે. હાઈવે તથા અન્ય જગ્યાઓએ રસ્તા બનાવવાનું, એરપોર્ટ, રેલ્વે, મેટ્રો, વહાણો, વીજળી સુવિધાઓ વધારવા માટે બજેટ ફાળવવામાં આવ્યું છે.

આમ, કરવાનો મુખ્ય આશય દેશમાં મિલકતો ઊભી કરવી અને આ દ્વારા મજબૂત અર્થતંત્ર દ્વારા આવક ઊભી કરવી. આ માટે વધારે કરવેરા લાદ્યા નથી.

(૩) નાણાંકીય સંસ્થાઓને વધારે પ્રોત્સાહિત કરી છે.

વીમાક્ષેત્રના દાયરામાં ફેરફાર કરી 74% એફ.ડી.આઈ. પરદેશથી રોકાણ આવી શકશે. ડિપોઝીટરી કંપનીઓમાં વધારો થશે. સેબી દ્વારા ગોલ્ડ એક્સચેન્જ ઉપર દેખરેખ રખાશે. બેંકના ડિપોઝીટરોને જો બેંક ફડચામાં ગયા પહેલાં પણ જો બેંકમાં તકલીફ થાય તો વીમાના 5 લાખ રૂપિયા મળી શકશે. સરકારી કંપનીઓનું ડીસઈન્વેસ્ટમેન્ટ થશે.

(૪) ખેતી : ખેડૂતોને વધુ ધિરાણ આપવામાં આવશે. એ.પી.એમ.સી.ને ખેતી માટેના માળખાને મજબૂત કરવા પૈસા આપવામાં આવશે.

"એક દેશ એક રેશન કાર્ડની" યોજનાથી માઈગ્રન્ટસને દેશમાં કોઈપણ જગ્યાએ રેશન કાર્ડ પર ધાન મળી શકશે.

(૫) શિક્ષણ : ટ્રાઈબલ વિસ્તારમાં એક લાખ શાળાઓ બનાવવામાં આવશે. કૌશલ્ય તાલીમો આપવામાં આવશે, ઈનોવેશન તથા રીર્સચ માટે ફંડ ફાળવવામાં આવશે. 'ડિજિટલ' સેવાઓ વધારવામાં આવશે.

(૬) ઈન્કમટેક્સઃ ડાયરેક્ટ ટેક્સમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી.

**અન્યઃ**

(૧) કૃષિ સેક્ટરના વિકાસ માટે પેટ્રોલ, ડીઝલ, સોના સહિતની વસ્તુઓ પર કૃષિ સેસ – જોકે ગ્રાહકોને આની બહુ રકમ ચૂકવવી નહીં પડે.

(૨) બે જાહેર બેંકો અને જનરલ ઈન્શ્યોરન્સ કંપનીનું ખાનગીકરણ થશે.

(૩) માત્ર પેન્શનની આવક ધરાવતા 75 વર્ષનાં નાગરિકોને રિટર્ન ભરવું નહીં પડે.

(૪) પ્રોવિડન્ડ ફંડમાં વર્ષે અઢી લાખથી વધુ ફાળો આપનારાઓ પાસે ટેક્સ લેવાશે.

(૫) ખેડૂતોને ખાસ કોઈ રાહત મળી નથી.

(૬) બજેટમાં ડ્યૂટી ઘટતાં સોનું ઘટ્યું.

(૭) અફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રને રાહત.

(૮) નવા સાત ટેક્સટાઇલ પાર્કની જાહેરાત.

(૯) રેલ્વે તંત્રને નવી ફાળવણીની જાહેરાત.

(૧૦) સરકારી બેંકોમાં રૂપિયા 20,000 કરોડ ઠાલવવામાં આવશે.

(૧૧) માઇક્રો ઇરીગેશનની ફાળવણી રૂપિયા 10,000 કરોડ

(૧૨) પામ તેલ ઉપર ડ્યૂટીનો બોજ વધ્યો.

(૧૩) ડિજિટલ પદ્ધતિથી વસ્તી ગણતરી માટે રૂપિયા 3726 કરોડનું બજેટ

(૧૪) કૃષિ ક્ષેત્રમાં

અ. એગ્રિકલ્ચર ક્રેડિટ (ધિરાણ)નો ટારગેટ વધારીને 16.5 લાખ કરોડ કરાયો, જે અગાઉ 15 લાખ કરોડ હતાં.

બ. બધાં જ પાકો ઉપર ઉત્પાદન ખર્ચ કરતાં 1.5 ગણી એમ.એસ.પી. અપાવી છે - ખેડૂતોને રૂપિયા 75000 કરોડ વધારે અપાયા છે.

ક. વધુ 1000 મંડીઓ ઇલેક્ટ્રોનિક નેશનલ માર્કેટ માટે એકીકૃત કરાશે.

(૧૫) ઉજ્જવલા યોજના હેઠળ વધુ એક કરોડ લાભાર્થીઓને આવરી લેવાશે.

(૧૬) ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા ફાળવણી 30,000 કરોડથી વધારીને રૂ. 40,000 કરોડ કરાઈ.

(૧૭) શહેરી વિસ્તારોમાં હવાનું પ્રદૂષણ દૂર કરવા માટે રૂ. 2200 કરોડ મંજૂર કરાયા.

(૧૮) આગામી પાંચ વર્ષમાં રૂ. 2.87 લાખ કરોડના ખર્ચે જલજીવન મિશન યોજના લોન્ચ કરાઈ.

(૧૯) એક વ્યક્તિ પણ સ્ટાર્ટઅપ કંપની શરૂ કરી શકશે. – સ્ટાર્ટઅપને માર્ચ 22 સુધી ટેક્સમાં હોલીડે.

(૨૦) એફોર્ડેબલ હાઉસિંગમાં કર માફી એક વર્ષ માટે લંબાઈ.

(૨૧) ગુજરાતના અલંગ શિપ રિસાયક્લિંગને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જેના કારણે ત્યાંના કામદારોને રાહત થશે.

નિર્ણાયક રીતે એકંદરે બજાર તરફથી બજેટને સકારાત્મક પ્રતિભાવ મળ્યો છે. જેના મુખ્ય કારણ અમુક સારા નિર્ણયો છે. જેમકેઃ કોવિડના લીધે ધારણા હતી, પરંતુ ઇન્કમટેક્સમાં (આવકવેરા)માં કોઈપણ વધારો કરવામાં આવ્યો નથી, જેથી કરદાતા ઉપર વધારાનો ભાર આવશે નહીં; માળખાગત વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી દેશમાં વ્યાપારીક પ્રવૃત્તિઓમાં વધારો થશે અને લોકો માટે રોજગારની તકો ઊભી થશે. નવા 'મેગા ટેક્સટાઇલ પાર્ક'થી ભારતની નિકાસ બજારને વધારવાની ક્ષમતાનું નિર્માણ થશે અને રોજગારી, આવક વધશે. શહેરી પરિવહનતંત્રનો વિકાસ થવાથી દેશવાસીઓને વૈશ્વિક કક્ષાની પરિવહન સેવાઓ મળશે અને ધંધાનો વિકાસ થશે.

પરંતુ આ સાથે નિરાશાજનક વાત એ છે કે નાણાંકીય વર્ષ 2021-22માં સરકાર 34.83 લાખ કરોડનો ખર્ચ કરશે, જ્યારે કમાણીનો રોડમેપ જણાવ્યો નથી, જેના લીધે દેશના અર્થતંત્ર ઉપર ઉધારીનો બોજો વધશે.

અંતે લોકોના સકારાત્મક પ્રતિભાવને ટકાવી રાખવા માટે બજેટમાં મૂકેલી નીતિઓનું ખરેખરમાં અમલીકરણ થાય, એ જરૂરી છે.

**– જયશ્રી વ્યાસ**

**મેનેજિંગ ડિરેક્ટર**

**સેવા બેંક**

❑

# અભિનંદન



**શ્રી અનુરાગ ઠાકુર, માનનીય નાણાં રાજ્યમંત્રી, ભારત સરકારના હસ્તે એવોર્ડ સ્વીકારતા જયશ્રીબહેન**

સહકારી એક્સેસ ડેવલપમેન્ટ સર્વિસેસ એન્ડ એચએસબીસી ઇન્ડિયા દ્વારા વ્યક્તિગત યોગદાનની શ્રેણીમાં ધ ઇન્ક્લુઝીવ ફાયનાન્સ ઇન્ડિયા એવોર્ડ ૨૦૨૦ શ્રીમતી જયશ્રી વ્યાસને એનાયત કરવામાં આવે છે.

જયશ્રી વ્યાસ એક સામાજિક બેંકર છે, જેઓ ગરીબ અને વંચિત મહિલાઓને ઔપચારિક નાણાંકીય સેવાઓના ક્ષેત્રમાં લાવીને તેનાં દ્વારા તેમનાં સશક્તિકરણ માટે કટિબદ્ધ છે. જયશ્રીબેન 1986થી સેવા બેંકનું નેતૃત્વ કરી રહ્યાં છે, જે વંચિત મહિલાઓને આર્થિક અને વ્યવસાયલક્ષી સાક્ષરતા આપીને તેમજ સમાવેશી નાણાંકીય સેવાઓ દ્વારા તેમનાં સાર્વત્રિક વિકાસ માટેની યાત્રામાં જોડાયેલી છે. તેઓ એવી સંસ્થાનું જતન કરી રહ્યા છે જેમાં 1.5 લાખ લોનધારકોને અંદાજે 200 કરોડની લોન અને 6 લાખ થાપણદારો દ્વારા 300 કરોડ થાપણની મૂડી ઊભી કરવામાં આવી છે. સેવાબેંકનાં પ્રોડક્ટ પોર્ટફોલિયોને વિવિધતા અને નવીનતા આપવામાં જયશ્રીબેનની પાયાની ભૂમિકા રહેલી છે. કામકાજી મહિલાઓને સમાવેશી માઇક્રો વીમા અને માઇક્રો પેન્શન તેમજ ઘરની લોન માટેનાં પ્રોડક્ટ્સમાં તેમણે ખૂબ કામ કર્યું છે. જયશ્રીબેન સા-ધનનાં ગવર્નિંગ બોર્ડમાં ચેર અને કો-ચેર તરીકે પણ સતત કામ કરતા રહ્યાં છે અને ભારતનાં માઇક્રો ફાયનાન્સ ક્ષેત્રે ઘણી મહત્ત્વની કામગીરીમાં તેમણે આગેવાની લીધી છે. તેમણે સામાજિક નિવેશ અને વિવિધ ઉદ્યોગોનાં એસોસિએશનનાં બોર્ડમાં પણ મહત્ત્વની કામગીરી બજાવી છે. તેઓ મહિલાઓની આર્થિક ભાગીદારીને બળ આપવાનાં કાર્યનાં પક્ષધર રહ્યા છે.

જયશ્રીબેને ત્રણ દાયકાથી સતત મહિલાઓનાં આર્થિક સશક્તિકરણનાં ઝુંબેશમાં આગેવાની લીધી છે. જયશ્રીબેને ભારતમાં આર્થિક સમાવેશનાં અગ્રણી તરીકે મોટું પ્રદાન કર્યું છે. ❑

## ઓનલાઇન શિક્ષણ આપણાં બાળકવિઓનાં શબ્દોમાં...!

કોરોનાકાળમાં સોશિયલ મીડિયા ઉપર મોટાઓ માટે ઘણી પ્રવૃત્તિ થઈ, પણ બાળકો માટે આવી પ્રવૃત્તિઓ ખૂબ ઓછી જોવા મળી. સેવામાં તો આપણે બાળકોને જીવન શિક્ષણ આપ્યું કે જેમાં ભણતર સાથે બાળકોનું ગણતર પણ થયું. એ સમયમાં ખાસ જોયું કે માત્ર જો બાળકોને દિશાસૂચન અને યોગ્ય માર્ગદર્શન મળે તો સભ્ય બહેનોના બાળકો પણ અન્ય તુલનાત્મક સ્પર્ધાઓમાં આગળ વધી જ શકે છે. આ છેલ્લાં કેટલાંક મહિનાઓના સમયગાળા દરમિયાન ઘણી ઈત્તર પ્રવૃત્તિઓ બાળકો સાથે કરી અને એવામાં 11 જાન્યુઆરીના રોજ કાવ્યાંજલિ બાળકવિ સ્પર્ધાની જાણ થઈ. જેનો વિષય હતો ઓનલાઇન શિક્ષણ. બાળકોએ ઓનલાઇન શિક્ષણ અંગેના પોતાના અનુભવો કાવ્ય સ્વરૂપે લખી વીડિયો દ્વારા રજૂ કરવાનાં હતા. આ અંગેની માહિતી અને સ્પર્ધાના નિયમો હાલમાં ચાલતા શિક્ષણ માટેના વોટ્સએપ ગ્રુપમાં મૂકી સભ્યો થકી બાળકો સુધી પહોંચાડ્યા. કવિતા

મોકલવાનો છેલ્લો દિવસ 15 જાન્યુઆરી એટલે કે વાસી ઉત્તરાયણ હતો... બાળકોનો મનગમતો તહેવાર એટલે આકાશમાં પતંગ ચગાવે કે પછી હાથમાં પેન લઈને વિચારોને કવિતામાં ટાંકે? બાળકોમાં અસમંજસ.... પણ એ તો પતંગની સાથે કવિતા પણ લખતાં ગયાં અને અમને મોકલતા રહ્યાં. ક્યાંક ભાષાની અડચણ આવે તો ક્યાંક સમયની મર્યાદા અને રેકોર્ડિંગમાં પાછળ ચાલીમાં વેચતા ફેરિયાની બૂમાબૂમ સંભળાય... બાળકો જે આ વાતાવરણમાં ઓનલાઇન શિક્ષણ લઈ રહ્યા છે, તે આબેહૂબ તેમના કાવ્યોમાં પણ દેખાઈ આવ્યું. કોઈક કાવ્યમાં ચાલુ ક્લાસે ચાલીમાં થતો ઝગડો સંભળાય તો ક્યાંક મમ્મીની રસોડાની કુકરની સીટી, નેટ પૂરું થઈ જાય એની તકલીફ તો ક્યાંક ફોન એક અને ભાઈ-બહેન વધુ! એટલે કોણ ફોન વાપરે એના ઝગડા... જે જોયું અનુભવ્યું તે શબ્દો રૂપે અમારી પાસે આવતું ગયું. રોજ રાત્રે 8થી 11માં કવિતાઓ આવે અને એને આગળ કાવ્યાંજલિના ગ્રુપમાં મોકલવાની. બે દિવસ તો ગયા પણ બાળકો માટે કવિતા મોકલવાની સમય મર્યાદા વધીને 20 તારીખ થઈ. કવિતાઓનો પ્રવાહ વધતો ચાલ્યો. આ સ્પર્ધામાં ગુજરાતભરના નામાંકિત શાળાઓના બાળકોની વચ્ચે આપણા અસંગઠિત, શ્રમજીવી સભ્યોના 50થી વધુ બાળકોએ ભાગ લીધો. અમરાઈવાડીના જ્ઞાન કેન્દ્રમાં અભ્યાસ કરતાં તીર્થની કવિતા કાવ્યાંજલિમાં પસંદ થઈ અને યુટ્યૂબ, ફેસબુક જેવા સોશિયલ મીડિયા ઉપર રજૂ થઈ.... **—પૃથા**

❑

## ઓનલાઈન



**ગોયલ તિર્થ કનુભાઈ**

**ઉં. 10 વર્ષ, ધો. 5, (અમરાઈવાડી, જ્ઞાનકેન્દ્ર)**

કંટાળી ગયો હું તો કંટાળી ગયો,
આ ઓનલાઇન સ્કૂલથી કંટાળી ગયો!
પહેલાં હતી ઓફલાઈનમાં મજા...
ટીચરનો ઠપકો રહેતો યાદ મને,
ઘરે આવતાં યાદ આવતું લેસન!
હવે નથી ટીચરનો ઠપકો,
એટલે યાદ નથી આવતું લેસન...
અમે ભાઈ બેન ત્રણ અને ફોન એક!
બેન કહે હું ફોન લઈશ....
ને હું કહું, હું જ ફોન લઈશ!
કંટાળી ગયો હું તો કંટાળી ગયો....
ઓનલાઇન સ્કૂલથી..કંટાળી ગયો.



**પરમાર રિશીકા મહેન્દ્રભાઈ,**

**ઉંમર 13 વર્ષ, ધોરણ 7**

**( અમરાઈવાડી જ્ઞાનકેન્દ્ર)**

## નમસ્તે મારાં ટીચર્સ!

નમસ્તે મારા ટીચર્સ, નમસ્તે મારા ટીચર્સ (૨)
મને તો આ ઓનલાઇન ક્લાસ ફાવે જ નહિ.
ક્લાસના ટાઇમે મમ્મી બોલાવે,
ભણવા બેસું તો ચાલીનો ઝગડો સંભળાય!
મને તો આ ઓનલાઇન ક્લાસ ફાવે જ નહિ...
ફોનમાં બધાનાં ફોન આવે તો ડિસ્ટર્બ થવાય,
સવારે કે સાંજે લખવા બેસું ત્યારે મમ્મીના
કુકરની સીટી સંભળાય!
નમસ્તે મારાં ટીચર્સ, નમસ્તે મારાં ટીચર્સ...(૨)
મને લખતાં લખતાં કંટાળો આવે,
ફોનમાં બધાંના ફોન આવે મને ડિસ્ટર્બ થવાય,
મને ગેમ રમવાની ઈચ્છા રે થાય!
મને આ ઓનલાઇન ક્લાસ ફાવે જ નહિ....
લૉકડાઉનમાં ચાર મહિના ઘરે બેસ્યા,
ચાર મહિના ક્યાંય બહાર જ ના નીકળ્યા,
ઘરમાં તો ચોપડા,પેન,પેન્સિલ ના મળે!
હું તો આ ઓનલાઇન ક્લાસથી કંટાળી...
દર મહિને રિચાર્જ નેટના રે નાટક,
મારા મમ્મી-પપ્પા અમને રે બોલે,
મારા માટે તો મારી સ્કૂલ જ બેસ્ટ!
મને તો આ ઓનલાઇન ક્લાસ
સહેજ પણ ના ફાવે!

❑

# આપનું બેંક ખાતું
# હવે સુરક્ષાનો આધાર

## દુર્ઘટના વીમા યોજના

### વાર્ષિક પ્રીમિયમ ફક્ત ૬૦ રૂપિયામાં ૫ લાખ રૂપિયાનો દુર્ઘટના વીમો

- સર્વ બચત બેંક ખાતાધારકો માટે જેમની ઉંમર ૧૬ થી ૭૦ વર્ષ છે.
- વીમામાં દુર્ઘટના પ્રેરિત સ્થાયી વિકલાંગતા પણ સમાવિષ્ટ
- આપ હયાત નહીં રહો ત્યારે આપના પરિવારને મળશે વીમા ની રકમ

- પ્રીમીયમ રકમ ખાતા ધારકના બચત ખાતાથી બેંક દ્વારા "ઓટો ડેબીટ" સુવિધાના માધ્યમથી.

- કોઈ પણ વ્યક્તિ ફક્ત એક બચત ખાતા દ્વારા જ આ યોજના માટે પાત્ર બનશે.

---

તત્કાલ આપણી નજીકની શ્રી મહિલા સેવા સહકારી બેંક શાખા કે બેંક સાથીનો સંપર્કઃ કરો અને ફોર્મ ભરીને આ યોજનાનો લાભ લો.

---

## શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

મુખ્ય શાખા :

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ- ૩૮૦ ૦૦૬.

ફોન :૨૬૫૮૧૬૫૨ , ૨૬૫૮૧૫૯૭

# શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘની ૨૮મી સાધારણ સભાની ઊડતી ઝલક

સહકારી મંડળીઓનો મહાસંઘ એટલે શ્રી ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ, જેને આપણે સેવા ફેડરેશન તરીકે પણ ઓળખીએ છીએ, તેની વાર્ષિક સાધારણ સભા યોજાઈ ગઈ. તારીખ 28 ઑક્ટોબર 2020ના રોજ યોજાયેલ આ 28મી વાર્ષિક સાધારણમાં હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ખૂબ જ ઓછી મંડળીઓના પ્રતિનિધિ બહેનોને હાજર રાખવામાં આવ્યા હતા અને ખાસ સોશિયલ ડિસ્ટન્સીંગનાં પાલન સાથે આ સભા 'ચંદા નિવાસ' ખાતે યોજવામાં આવી, જેમાં સેવા ફેડરેશનના પ્રમુખ, તેના સ્થાપક તેમજ અન્ય સભ્યો ટેક્નોલૉજીના માધ્યમથી જોડાયા હતા.

આ સાધારણ સભાની શરૂઆત સેવા ફેડરેશનના પ્રમુખ શ્રી મીરાઈબેને તમામ કારોબારીના સભ્યો, આમંત્રિત મહેમાનો, સેવા ફેડરેશનની ટીમ તેમજ સાધારણ સભામાં હાજર રહેનાર સક્રિય શેર સભાસદોના સ્વાગતથી કરી. ત્યાર બાદ વર્ષ 2019-2020ના કામકાજ તેમજ હિસાબોની નોંધ લઈ તેને મંજૂર કરવામાં આવ્યા.

આ સાધારણ સભામાં ખાસ સમગ્ર વર્ષ દરમિયાન કરેલ પ્રવૃત્તિ અને આવતા વર્ષના આયોજનની રજૂઆત ઉપરાંત જે ખાસ રજૂઆત કરવામાં આવી તે હતીઃ કોવિડ-19 દરમિયાન અસંગઠિત ક્ષેત્રની કામદાર બહેનોના જીવન તથા તેમની સહકારી મંડળી ઉપર થયેલ અસરો ઉપર સેવા ફેડરેશન દ્વારા કરવામાં આવેલ અભ્યાસના તારણોઃ

ખાસ, એપ્રિલથી જૂન, 2020 દરમિયાન સેવા ફેડરેશનની 9 મંડળીઓના મુખ્યત્વે પાંચ ક્ષેત્ર - ઉત્પાદન, નાણાંકીય, સેવા, ખેતીવાડી અને સામાજિક સુરક્ષાને આવરી લઈ કુલ 260 સભ્ય બહેનોનો ફોર્મ દ્વારા ટેલિફોનિક સર્વે અને 10 બહેનોના વ્યક્તિગત ઈન્ટરવ્યૂ કરવામાં આવ્યા. આ અભ્યાસમાંથી જે મુખ્ય તારણો બહાર આવ્યા તે અહીં ટૂંકમાં ટાંક્યા છે :

કોરોનાના કારણે લૉકડાઉન દરમિયાન બહેનોની માસિક આવકમાં 65 ટકા જેટલો મોટો ઘટાડો જોવા મળ્યો તેમાં પણ ખાસ માર્ચ મહિનામાં માત્ર 40 ટકા બહેનો એવા હતા, જેમને રોજગારી મળી. જ્યારે એપ્રિલમાં 23 ટકા અને મે મહિનામાં તો માત્ર 19 ટકા બહેનોને જ રોજગારી મળી શકી. જ્યારે કુટુંબની વાત કરીએ તો કુટુંબની સરેરાશ માસિક આવક રૂપિયા 18,068થી ઘટીને રૂપિયા 6,613 થઈ ગઈ. જ્યારે 74% બહેનોને ખાધા-ખોરાકીની ખૂબ જ તકલીફ પડી.

વળી, આ અભ્યાસમાંથી એ પણ બહાર આવ્યું કે જે બહેનો પાસે બેંકમાં બચત હતી તેઓ લૉકડાઉનના કારણે બેંક સુધી જઈ શક્યા ન હતા અને નાણાંની અગવડ પૂરી કરવા 65 % બહેનોએ કુટુંબના સભ્યોની મદદ લીધી હતી. તદુપરાંત બહેનોને બચતનું મહત્ત્વ સમજાયું હતું.

આ સિવાય અભ્યાસમાં અન્ય ક્ષેત્રમાં થયેલ અસર પણ માપી, જેમાં ખાસ જાણવા મળ્યું તે એ કે ખેતીક્ષેત્રની બહેનોનો ઊભો પાક ન વેચાતાં ભારે હાલાકી ભોગવવી પડી. જ્યારે સેવાના ક્ષેત્રમાં કામ કરતી બહેનોને કામ ન મળતા મુશ્કેલી સર્જાઈ. સેવા સંગિની મંડળી લૉકડાઉનમાં બંધ થઈ જતાં બાળકોના સ્વાસ્થ્ય પર અસર થયાનું પણ બહાર આવ્યું.

આ અભ્યાસમાંથી એ પણ બહાર આવ્યું કે સેવાની સહકારી મંડળીઓના 60% સભ્યબહેનોએ કોરોના દરમિયાન સહકારી મંડળીના મેનેજરનો સંપર્ક સાધ્યો હતો, તેમાંથી 60% બહેનોએ કામ માટે સંપર્ક કર્યો હતો. જેની સામે 71% બહેનોએ સેવાની વિવિધ મંડળીઓ તરફથી રોજગારીની તક મેળવી હતી અને તે સિવાય મંડળીના સભ્યોએ બીજા બહેનો તથા તેમના પરિવારને કોવિડ-19 વિશેની સમજ પણ આપી.

આ ઉપરાંત કોરોનાના આ કપરા કાળમાં સેવા ફેડરેશને પોતાની મંડળીઓને રૂપિયા 10,00,000ની કાર્યકારી મૂડીની સહાય આપી. તે ઉપરાંત ફેડરેશનની મદદથી ઉત્પાદન ક્ષેત્રની બહેનોએ 3 લાખથી પણ વધારે માસ્ક બનાવ્યા, લોક સ્વાસ્થ્ય મંડળીએ નીચા દરે સારી ગુણવત્તાના 25,000 જેટલા હેન્ડ સેનેટાઇઝર બનાવ્યા, જરૂરિયાતમંદ બહેનોને રાશનની કીટનું વિતરણ કર્યું અને મંડળીઓ દ્વારા સેવા ક્ષેત્રમાં કામ કરતી બહેનોની સંસ્થા સાથે વાર્તાલાપ કરીને બહેનોને પગાર પણ અપાવ્યા. અને સરકારી સંકલન કરીને સભ્યોને જે-તે યોજનાના લાભ પણ અપાવ્યા.

આમ, ઉપર મુજબ નોંધેલ અભ્યાસના તારણોની કારોબારી સમક્ષ રજૂઆત બાદ સેવા ફેડરેશનના મેનેજિંગ ડાયરેક્ટર મિત્તલબેને જે સંઘર્ષ અને વિકાસ સાથે મંડળીઓ અને સેવા ફેડરેશનના પાયા ઊભા કરવામાં જેમનો સિંહફાળો છે, તેવા લલિતાજીને સન્માનિત કર્યા. જે આ સાધારણ સભાની ખૂબજ ભાવુક અને યાદગાર પળ હતી. જેમાં શ્રીલલીતાજીએ પોતાના અંદાજમાં સમ્રગ સેવાની ટીમને પ્રેરણા આપતી કવિતા પણ ગાઈ સંભળાવી...

- વિણા

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
6-2-2021

## ગાંધીબાપુનું ગીત

બાપુના પાઠ તમે ભણી જુઓ, ઘેલા હો માનવી
ભણી જુઓને ભણાવી જુઓ, ઘેલા હો માનવી
રેશમનાં કપડાં સૌ કોઇ પહેરે છે,
ખાદીનાં કાપડાં પહેરી જુઓ..... ઘેલા હો માનવી...
સત્ય અહિંસાનો લ્હાવો અનેરો
સત્યના માર્ગે ચાલી જુઓ ..... ઘેલા હો માનવી...
ભણેલ-ગણેલને સૌ કોઇ જાણે છે
અભણ લોકોને ભણાવી જુઓ..... ઘેલા હો માનવી...
મોટર ગાડીમાં સૌ કોઇ ફરે છે
પગપાળા તમે ફરી જુઓ..... ઘેલા હો માનવી...
મારૂ મારૂ તો સૌ કોઇ કરે છે
બીજા માટે કંઇક કરી જુઓ ..... ઘેલા હો માનવી...
બાપુના પાઠ તમે ભણી જુઓ, ઘેલા હો માનવી
ભણી જુઓને ભણાવી જુઓ, ઘેલા હો માનવી.

❑

## અનસૂયા

- ૩૯માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-2-2021**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001